# ઓનલાઈન સર્વિસિસ માટેની સામાન્ય સૂચનાઓ

(૧) ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર પરીક્ષાના મથાળે ઓનલાઈન સર્વિસિસ પર ક્લીક કરવું.

(૨) નવી ખુલેલી વિન્ડોમાથી જે સેવા મેળવવી હોઈ તે સેવા પસંદ કરતાં તે સેવાની ફી તથા સેવા માટે અપલોડ કરવાના દસ્તાવેજોની યાદી જોવા મળશે. વિદ્યાર્થીએ અપલોડ કરવાના દસ્તાવેજો PDF ફોર્મેટમાં સ્કેન કરી તૈયાર રાખવા જેથી અરજી કરવું સરળ થઈ જાય.

(૩) વિદ્યાર્થીએ પોતાનું નામ, મોબાઈલ નં તથા ઈ મેઈલ એડ્રેસ અને પાસવર્ડ દાખલ કરવાના રહેશે. પાસવર્ડ વિદ્યાર્થીએ જાતે નિયત કરવાનો રહશે. સિસ્ટમ દ્વારા પાસવર્ડ આપવામાં આવશે નહીં.

(૪) વિધાર્થીએ નોધાવેલા ઇ-મેઈલ એડ્રેસ પર એક લિન્ક આવશે. જે લિન્ક પર ક્લીક કરતાં તેમના દ્વારા દાખલ કરવામાં આવેલ મોબાઈલ પર OTP દાખલ કરતાં વિદ્યાર્થીને તેનો એપ્લિકેશન નં SMS દ્વારા મળશે.

(૫) એપ્લિકેશન નં અને પાસવર્ડ દાખલ કરતાં વિદ્યાર્થીને પેમેન્ટ ગેટવે મારફત અરજી કરેલ સુવિધા માટે નિયત ફી ભરવાનો વિકલ્પ આપવમાં આવશે. હાલના તબક્કે વિદ્યાર્થી Credit Card, Debit Card તથા Internet Banking મારફત Online Fee ભરી શકશે.

(૬) ઓનલાઈન ફી ભરવાની પ્રક્રિયા દરમ્યાન કોઈ સંજોગોમાં ટ્રાન્ઝેકશન અધૂરું રહેવા પામે તે સંજોગોમાં 24 કલાકમાં બેન્ક દ્વારા કપાત થયેલ રકમ ખાતેદારના ખાતામાં પરત જમા આપવામાં આવશે. સેવા માટેની નિયત ફી ભરવા માટેનું સફળ ટ્રાન્ઝેકશન થયા બાદ જ સેવા માટેનું ઓનલાઈન આવેદનપત્ર સ્ક્રીન પર જોવા મળશે.

(૭) નિયત ફી ભરાયા બાદ વિદ્યાર્થીને જેતે સેવાઓ માટે નિયત અરજીપત્રક Online ભરવાનું રહેશે. જે તે સેવા માટે જરૂરી દસ્તાવેજો અપલોડ કરી અરજી લોક કરવાની રહેશે. જરૂરી દસ્તાવેજો અપલોડ કર્યા બાદ <u>અરજી લોક કરીને Submit કર્યા તારીખથી કામકાજના ૫ દિવસમાં અરજીની પ્રિન્ટ કોપી અને તેને સબંધી તમામ દસ્તાવેજોની એક નકલ (ઝેરોક્ષ કોપી) યુનિવર્સિટીના સબંધિત વિભાગમાં અચૂકપણે જમા કરાવવા.</u> જરૂરી તમામ દસ્તાવેજો જમા કરાવ્યાના ૩૦ દિવસમાં વેરિફિકેશન પૂર્ણ કરી શકાશે, જે દરેક અરજીકર્તાને બંધનકર્તા રહેશે.

(૮) દસ્તાવેજો અપલોડ થતાં વિદ્યાર્થી તેમની અરજીની પ્રિન્ટ સંદર્ભ માટે કાઢી શકશે, વિદ્યાર્થી દ્વારા દાખલ કરવામાં આવેલ તમામ માહિતીની ખરાઈ કર્યા બાદ જ તેમની અરજી યુનિવર્સિટીના સબંધિત વિભાગને ઓનલાઈન તબદીલ કરવામાં આવશે. આપની અરજી સફળતાપૂર્વક સબમિટ થયા અંગેનું નોટિફિકેશન આપની સ્ક્રીન પર જોવા મળશે. વિદ્યાર્થી તેમની અરજી લોક કરવાનું ભૂલી જશે તો તેમની અરજી યુનીવર્સિટીના સબંધિત વિભાગને ઓનલાઈન તબદીલ થશે નહિ અને વેરિફિકેશન થઇ શકશે નહિ. આવા કિસ્સામાં વિદ્યાર્થી દ્વારા અરજી લોક કર્યાની તારીખથી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કર્યા બાદ જ કામકાજના ૩૦ દિવસમાં વેરિફિકેશન પૂર્ણ કરી શકાશે.

(૯) સબંધિત વિભાગ દ્વારા અરજી અનુસંધાને કોઈ વિગતો અપૂરતી હશે અને અરજી માટે જરૂરી જણાશે તો રજીસ્ટર્ડ ફોન નંબર અને/અથવા ઇ-મેઈલ દ્વારા વિદ્યાર્થીને સૂચિત કરવામાં આવશે.

(૧૦) સબંધિત વિભાગ દ્વારા અરજી અનુસંધાને નિયત પ્રક્રિયા કરી દસ્તાવેજો રૂબરૂ બોલાવી સુપ્રત કરવામાં આવશે. આ દરમ્યાન જો વિદ્યાર્થીએ આ દસ્તાવેજ ઇ-મેઈલ દ્વારા મોકલવાના હોય તો વિભાગ કવર સીલ કરે તે પહેલા આ માટેની જરૂરી ફી (પ્રતિ પેજ રૂ. ૧૦૦) ગુજરાત યુનિવર્સિટીમાં કેશ કાઉન્ટર ઉપર ભરવાની રહેશે. વિદેશની સંસ્થા માટે ઇ-મેઈલ કરેલ દસ્તાવેજોની કોપી વિદ્યાર્થીને ઇ-મેઈલ દ્વારા મળશે નહી. ઇ-મેઈલ માટેની ફી ભર્યાના ૧૦ વર્કિંગ દિવસમાં જો કોઈ Query હોય તો વિભાગમાં પૂછપરછ કરી શકાશે. સીલબંધ કવર વિદ્યાર્થીએ જાતે નવરંગપુરા વિસ્તારની પોસ્ટ ઓફીસ/ કુરિયર દ્વારા સીલબંધ કવર ઉપર લખેલ સરનામા ઉપર મોકલાવવાની રહેશે. મોકલનારના નામમાં કવર ઉપર લખેલ ગુજરાત યુનિવર્સિટીનું સરનામું જ લખવાનું રહેશે.

(૧૧) ટ્રાન્સક્રીપ્ટ (transkript) વેરિફિકેશન માટે અરજી કરનાર વિદ્યાર્થીએ કોલેજમાંથી ટ્રાન્સક્રીપ્ટમાં પ્રિન્સીપાલના સહી સિક્કા સાથે તૈયાર કરાવી તેની સ્કેન કરેલી pdf કોપી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે. ટ્રાન્સક્રીપ્ટ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવતી નથી. ઓરીજનલ ટ્રાન્સક્રીપ્ટ (transcript) તથા બધીજ માર્કશીટ અને ડીગ્રીની xerox copy કામકાજના ૫ દિવસમાં કરેલ અરજી ની પ્રિન્ટ કોપી સાથે યુનિવર્સીટીના માર્કશીટ વિભાગમાં જમા કરાવવાની રહેશે. External વિદ્યાર્થીઓને ટ્રાન્સક્રીપ્ટ આપવામાં આવતી નથી જેથી વિદ્યાર્થીએ અરજી કરવી નહિ.

(૧૨) ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની દ્વિતીય વર્ષની પરીક્ષા કોલેજ દ્વારા લેવામાં આવેલ હતી જે અંગેનું પ્રમાણપત્ર મેળવવા Second Year Verification Certificate માટેનું ફોર્મ ઓનલાઈન ભરી પ્રમાણપત્ર રૂમ નં ૧૩ માંથી મેળવવાનું રહેશે.

(૧૩) વિદેશ ગમન કે ઉચ્ચ અભ્યાસ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ તેમના વેરીફિકેશન કરેલા દસ્તાવેજો સિલ કવરમાં મોકલવાના હોવાથી સિલ કવર કરાવવું ફરજીયાત છે.

(૧૪) અરજદાર સિલ કવર લેવા આવે ત્યારે અરજીપત્રકની નકલ લઈને જ આવવું. જો અરજદાર વતી કોઈ અન્ય વ્યક્તિ ડોક્યુમેન્ટ લેવા આવે તો તેને પોતાના ફોટો આઈ-ડીની નકલ અને અરજીકર્તા દ્વારા મોકલેલ સમંતિપત્રક અચૂકપણે સાથે લઈને જ આવવાનું રહેશે.

(૧૫) ઓનલાઈન અરજી કરવામાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો થયેલ પ્રશ્ન અને તેની વિગત (શક્ય હોય તો સ્ક્રીન શોટ સાથે) અરજી નંબર સાથે e-query@gujaratuniversity.ac.in પર જ રજૂઆત મોકલવાની રહેશે અથવા જરૂર જણાય તો યુનિ. ના હેલ્પ લાઈન નં ૯૪૦૯૪૫૪૮૮૨ પર પૂછપરછ કરવાની રહેશે. આ બાબતે રૂબરૂ મળવાનો કોઈ આગ્રહ રાખવો નહિ.

(૧૬) આ તમામ સૂચનાઓ વિદેશ જતા વિદ્યાર્થીઓને સુગમતા રહે તે માટે પાલન કરવી અતિ આવશ્યક છે. જેથી સબંધિત વિભાગ દ્વારા સમયમર્યાદામાં અરજીકર્તાનું વેરીફીકેશન પૂર્ણ કરી શકાય.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

નં. પરીક્ષા/માર્કશીટ/૨૯૨૬૬/૨૦૨૩ તા: ૨૦-૧૨-૨૦૨૩

**પરિપત્ર નંબર: ૩૬૭**

પરીક્ષા વિભાગમાં માર્કશીટ, ડિગ્રી, ટ્રાન્સક્રિપ્ટ તેમજ અન્ય દસ્તાવેજો વગેરેનું વેરિફિકેશન સીલ કવર તૈયાર કરવામાં આવે છે જે માટે લેવામાં આવતી ફી તથા તે માટે લાગતો અંદાજિત સમયગાળો નીચે મુજબ છે.

## વિવિધ પ્રમાણપત્રો અને ખરાઈ માટે લેવામાં આવતી ફી

Fees charged for various certificate and verification

| ક્રમ<br>Serial | વિગત<br>Details | ફી<br>Fees | અંદાજિત સમય<br>Approx. Time |
|---|---|---|---|
| 1 | માર્કશીટ વેરિફિકેશન<br>Marksheet Verification | માર્કશીટ દીઠ રૂ. ૪૦૪<br>Per Marksheet Rs 404 | 30 Days |
| 2 | ડિગ્રી વેરિફિકેશન<br>Degree Verification | ડિગ્રી દીઠ રૂ. ૪૫૪<br>Per Degree Rs 454 | 30 Days |
| 3 | ટ્રાન્સક્રિપ્ટ (માત્ર ફોરવર્ડનો સહી-સિક્કો)<br>Transcript only forwarding Stamp & Sign | ડિગ્રી દીઠ રૂ. ૫૩૬<br>Per Degree Rs 536 | 30 Days |
| 4 | સીલ કવર Sealed Envelope | કવર દીઠ રૂ. ૭૩૬<br>Per Envelope Rs 736 | 30 Days |
| 5 | કવર ઉપર સરનામું અથવા અન્ય સુધારા<br>Correction (Address & Others) | રૂ. ૨૦૦<br>Rs 200 | |
| 6 | અર્જન્ટ ચાર્જ (પાંચ કામકાજના દિવસ) જો છેલ્લી તારીખ દર્શાવતો પત્ર/દસ્તાવેજ સામેલ કરે તો Urgent Charge (Within 5 Working Days) if last date indicated letter/document submitted | રૂ. ૫૦૦<br>Rs 500 | (પાંચ કામકાજના દિવસ)<br>(Within 5 Working Days) |
| 7 | NDEB માટેનો પત્ર કવરમાં મૂકવાના<br>NDEB Letter in Sealed Envelope | રૂ. ૨૦૦<br>Rs 200 | |
| 8 | PhD ડિગ્રી અને નોટિફિકેશનનો પી.જી. ભાગે વેરીફાઈ કરેલ પત્ર માત્ર સીલ કવરમાં મૂકવાના Letter of PhD Degree & Notification verified by PG Section (For sending in Sealed Envelope) | રૂ. ૫૦૦<br>Rs 500 | |
| 9 | ઓરીજનલ માર્કશીટનું વેરિફિકેશન<br>Original Marksheet Verification | રૂ. ૨૦૦<br>Rs 200 | |
| 10 | M.B.A ની ડાયરેક્ટરની સહીવાળી માર્કશીટનું વેરિફિકેશન<br>Marksheet Verification of M.B.A Signed by Director | રૂ. ૨૦૦<br>Rs 200 | |
| 11 | સિલેબસ(ગુજરાત યુનિ. ગ્રંથપાલ દ્વારા વેરીફાય કરેલ)/ ટ્રાન્સક્રિપ્ટ/પ્રોવિઝનલ ડીગ્રી/મિડીયમ અંગેનું પ્રમાણપત્ર / ઇનટર્નશીપ કમ્પલીશન સર્ટીફીકેટ કવરમાં મુકવાના<br>Syllabus (Verified by University Librarian)/ Transcript/Original Provisional Degree/Medium of Instruction Certificate/Internship Certificate/ sending in Sealed Envelope | શુલ્ક વગર (જો માર્કશીટ , ડીગ્રી અથવા ટ્રાન્સક્રિપ્ટ માટે અરજી કરેલ હોય તો )<br>No Charge if applied for Marksheet/Degree/ Transcript Verification | |

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

| | | | |
|---|---|---|---|
| 12 | Migration Certificate | Rs. 336 | 15 Days |
| 13 | Provisional Eligibility | Rs. 110 | 15 Days |
| 14 | Internship Certificate | Rs. 286 | 15 Days |
| 15 | Second Year Verification | Rs. 286 | 15 Days |
| 16 | Provisional Certificate | Rs. 252 | 15 Days |
| 17 | Medium of Instruction Letter | Rs. 486 | 15 Days |

**Sd/-**

**Registrar**